

# સાથે મળીને સુંદર બનાવીએ તમારું પરિવારિક જીવન

**માતાપિતા બનવાની સુંદર અવ્યવસ્થામાં, સંતુલન મહત્વનું છે - પરંતુ ક્યારેક તે શોધવું મુશ્કેલ બની શકે છે.**

ચાઇલ્ડકેર ચોઇસિસ તમને વિસ્તૃત બાળ સંભાળ વિકલ્પો સાથે ટેકો આપવા માટે હાજર છે જે તમારા બાળકને એક સારી શરૂઆત આપવામાં મદદ કરી શકે છે, અને મુશ્કેલીને થોડી સરળ બનાવી શકે છે.

HM Government

Childcare Choices

# બાળ સંભાળ સહાય તમારા પરિવાર માટે શું કરી શકે તેની કલ્પના કરો

**પરિવારિક જીવન અને બાળઉછેરમાં સંતુલન બનાવવું પડકારજનક હોઈ શકે છે. આ માટે જ અમે બાળ સંભાળ સહાયનો વિસ્તાર કરી રહ્યા છીએ જેથી વધુ માતાપિતાને તેમના પરિવારને અનુકૂળ સહાય મળી શકે.**

જો તમે 9 મહિનાથી 3 વર્ષની ઉંમરનું બાળક ધરાવતા કામ કરતા માતાપિતા હોવ, તો હવે તમને દર અઠવાડિયે 15 કલાક અને વર્ષમાં 38 અઠવાડિયાથી વધુની બાળ સંભાળ મળી શકે છે.

સપ્ટેમ્બર 2025 થી, આ દર વર્ષે 38 અઠવાડિયા માટે, અઠવાડિયે 30 કલાકની બાળ સંભાળ સુધી વધશે, જે તમારા બાળકના 9 મહિના પછીના સમયગાળાથી શરૂ થશે.

**તમે આ સહાય માટે પાત્ર હોઈ શકો છો જો:**

- તમારા બાળકની ઉંમર **9 મહિના અને 3 વર્ષની વચ્ચે હોય.**
- તમે **ઈંગ્લેન્ડ**માં રહેતા હોવ.
- તમે અને તમારા જીવનસાથી (જો તમારે કોઈ હોય તો) **રાષ્ટ્રીય લઘુત્તમ અથવા જીવનનિર્વાહ વેતન પર અઠવાડિયામાં 16 કલાક**ની સમકક્ષ કમાતા હોવ પરંતુ વાર્ષિક £100,000 (સમાયોજિત ચોખ્ખી આવક) કરતા ઓછી કમાણી કરતા હોવ. જો માતાપિતામાંથી એક માપદંડ પૂર્ણ કરતા હોય પરંતુ બીજા ચોક્કસ લાભો મેળવતા હોય તો પણ તમે પાત્ર હોઈ શકો છો.

એ ભુલશો નહીં કે **3 અને 4 વર્ષના બાળકોના બધા માતા-પિતા** જે ઈંગ્લેન્ડમાં રહેતા હોય તેઓ પહેલાથી જ 15 કલાકની બાળ સંભાળ મેળવી શકે છે.

જો તમે પાત્ર હોવ, તો તમે આને કામ કરતા માતાપિતા માટેના 15 કલાક સાથે જોડી શકો છો, જેથી તમારા **3 અને 4 વર્ષના બાળકો માટે અઠવાડિયામાં 30 કલાક બનશે.**

## "બાળ સંભાળ સહાયનો ઉપયોગ અમારા પરિવાર માટે ખૂબ ઉપયોગી બન્યો છે.

"એ જાણીને મને બહુ જ રાહત થઈ કે મારી દીકરીઓ શરૂઆતના વર્ષોના મહાન શિક્ષકો સાથે પ્રેમાળ અને મનોરંજક વાતાવરણમાં છે. મારા નાના બાળકને બીજા બાળકો સાથે હળવું મળવું ગમે છે, સાથે જ તેને એવા વાતાવરણમાં રહેવું ગમે છે જ્યાં ઘણા બધા સંસાધનો અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ છે."

**Sheryl D** 30 કલાકની બાળ સંભાળ અને Tax-Free Childcare નો ઉપયોગ કરે છે

# તમારા બાળ સંભાળ કલાકોનો ઉપયોગ કરવો

- જો તમે માપદંડ પૂર્ણ કરતાં હોવ, તો તમે આ **તમારા કલાકોનો ઉપયોગ તમારું બાળક યોગ્ય ઉંમર સુધી પહોંચે પછી કરી શકો છો.** મુદત 1 જાન્યુઆરી, 1 એપ્રિલ અને 1 સપ્ટેમ્બરથી શરૂ થાય છે.
- **તમારા બાળસંભાળ કલાકો મેળવતા રહેવાનું શરૂ કરવા માટે** તમારી વિગતો તપાસો અથવા અપડેટ કરો. ચિંતા ન કરશો, સમય આવશે ત્યારે તમને રિમાઇન્ડર મળશે.
- જો તમારું 2 વર્ષનું બાળક પહેલાથી જ કામ કરતા માતાપિતા માટે 15 કલાક વાપરતું હોય અને પછી 3 વર્ષનું થાય છે, તો **હંમેશની જેમ ફરીથી પુષ્ટિ કરો** અને કોડ 30 કલાકની ઓફર માટે કામ કરશે.
- **તમે તમારા કલાકોનો ઉપયોગ** Tax-Free Childcare અથવા Universal Credit Childcare જેવી અન્ય યોજનાઓ સાથે કરી શકો છો. તમે નર્સરી, ચાઇલ્ડમાઇન્ડર્સ, પ્રિ-સ્કૂલ અને પ્લેગ્રુપ વચ્ચે મિક્સ અને મેચ કરી શકો છો.
- **બાળ સંભાળના કલાકોમાં બધું જ આવરી લેવામાં આવતું નથી.** પ્રવૃત્તિઓ, વધારાના કલાકો અથવા ભોજન જેવા ખર્ચ માટે, કોઈપણ વધારાના શુલ્ક વિશે તમારા પ્રદાતા સાથે તપાસ કરો.
- **બાળ સંભાળના કલાકોનો ઉપયોગ કરવા માટે** વિવિધ પ્રદાતાઓના પોતાના નિયમો હોઈ શકે છે. તપાસો કે તેમના કલાકો તમારા માટે ચાલે એવા છે.

## તમારો કોડ કેવી રીતે મેળવવો

1 તમારી પાત્રતા તપાસવા માટે **ChildcareChoices.gov.uk** ની મુલાકાત લો.

2 **તમારા પ્રદાતાની વ્યવસ્થાઓ સમજવા અને** શું તેઓ તમારા બાળક માટે કોઈ સ્થળ પ્રદાન કરી શકે છે તે તપાસવા તેમની સાથે વાત કરો.

3 **તમારા કોડ માટે ઓનલાઇન અરજી કરો.** તમારે તમારા National Insurance Number (અથવા જો તમે સ્વ-રોજગાર ધરાવતા હો તો અનન્ય ટેક્સપેયર રેફરન્સ), તમે કામ શરૂ કર્યું તે તારીખ અથવા કામ શરૂ કરવાના હોવ તે તારીખ, તમને મળતા કોઈપણ સરકારી સહાય અથવા લાભોની વિગતો અને તમારા બાળકના UK જન્મ પ્રમાણપત્રનો રેફરન્સ નંબર (જો ઉપલબ્ધ હોય તો) ની જરૂર પડશે.

4 **તમારા પ્રદાતાને તમારો કોડ આપો.** તમે પાત્ર છો કે નહીં તે તમને તરત જ ખબર પડી શકે છે, પરંતુ તેમાં 7 દિવસ જેટલો સમય લાગી શકે છે.

5 **દર 3 મહિને તમારા બાળસંભાળ ખાતા** પર તમારી વિગતોની ફરી પુષ્ટિ કરો.

## મારે ક્યાં સુધીમાં અરજી કરવાની જરૂર છે?

**31 માર્ચ 2025**
1 એપ્રિલ 2025 થી તમારા 15 કે 30 કલાકના બાળસંભાળ કોડનો ઉપયોગ કરવા માટે.

**31 ઓગસ્ટ 2025**
1 સપ્ટેમ્બર 2025 થી તમારા 30 કલાકના બાળ સંભાળ કોડનો ઉપયોગ કરવા માટે.

**31 ડિસેમ્બર 2025**
1 જાન્યુઆરી 2025 થી તમારા 30 કલાકના બાળ સંભાળ કોડનો ઉપયોગ કરવા માટે.



# વધારાના સ્વરૂપોમાં સહાય મેળવતા પરિવારો માટે મદદ

તમારા 2 વર્ષના બાળકને પ્રારંભિક શિક્ષણ માટે ભંડોળ મળી શકે છે, જો તમે ઈંગ્લેન્ડમાં રહેતા હોવ અને તમને Universal Credit જેવી વધારાની સહાય મળતી હોય, અથવા તમારું બાળક શિક્ષણ, આરોગ્ય અને સંભાળ યોજના (EHC) ધરાવતું હોય, તેની સંભાળ રાખવામાં આવતી હોય, અથવા તેની અગાઉ સંભાળ રાખવામાં આવી હોય. તમે તો પણ પાત્ર બની શકો છો જો તમે તમારા ઇમિગ્રેશન સ્ટેટસને કારણે લાભો મેળવી શકતા ન હોવ.

- કામ કરતા માતા-પિતાને આપવામાં આવતી 15 અને 30 કલાકની યોજનાથી આ યોજના અલગ છે.
- તમે પાત્ર છો કે નહીં તે જોવા માટે, ચાઇલ્ડકેર ચોઇસિસ વેબસાઇટની મુલાકાત લો.
- જો તમે લાયક થાઓ છો, તો તમારા બાળસંભાળ પ્રદાતા અથવા સ્થાનિક કાઉન્સિલનો સીધો સંપર્ક કરો.
- જો તમને બાળસંભાળ પ્રદાતા શોધવામાં મુશ્કેલી પડતી હોય, તો કૃપા કરીને તમારા સ્થાનિક સત્તાધીશની પરિવારિક માહિતી સેવાનો સંપર્ક કરો.

## જુઓ કે તમે કઈ સહાય મેળવી શકો છો

તમે અમારી વેબસાઇટ પરના નિ:શુલ્ક સાધનનો ઉપયોગ કરીને ઝડપથી તપાસ કરી શકો છો. બસ QR કોડ સ્કેન કરો અથવા આ લખીને શોધ કરો 'ચાઇલ્ડકેર ચોઇસિસ'.